તારીખ: ૪-૭-૨૦૧૯ ગુરૂવાર આજકાલ

# જામનગર ચેમ્બરમાં પોસ્ટ બજેટ માર્ગદર્શક સેમિનારનું આયોજન

**આજકાલ કાર્યાલય-જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ, ધી કોમર્શીયલ ટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશન તથા ઈન્કમટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશન, જામનગરના સંયુકત ઉપક્રમે જામનગર ચેમ્બર ખાતે કેન્દ્રીય બજેટ-૨૦૧૯-૨૦૨૦ અંગે એક માર્ગદર્શક પોસ્ટ બજેટ સેમિનારનું આયોજન આગામી તા. ૮-૭-૨૦૧૯ સોમવારના રોજ સાંજના ૪ કલાક થી ૬.૩૦ સુધી ધીરૂભાઈ અંબાણી વાણિજય ભવન, જામનગર-રાજકોટ હાઈવે, સુભાષ બ્રિજ નજીક, જામનગર સ્થળે કરવામાં આવેલ છે. આ સેમિનાર વિના મુલ્યે યોજવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૯-૨૦ માટે માન. કેન્દ્રીય નાણામંત્રી દ્વારા આગામી તા. ૫-૭-૨૦૧૯ ના રોજ બજેટ રજુ કરવામાં આવશે. જે બજેટની સંપુર્ણ માહિતી અને માર્ગદર્શન આપવા માટે આ સેમિનારમાં ગુજરાતી વકતા તરીકે અમદાવાદના જાણીતા વકતા અને કરવેરાના નિષ્ણાંત જીગરભાઈ પટેલ ઉપસ્થિત રહી બજેટ ૨૦૧૯-૨૦ અંગે-વિશ્લેષણ કરી છણાવટપુર્વક માર્ગદર્શન આપશે. જીગરભાઈ પટેલે ન્યુ યોર્ક સ્કુલ ઓફ લો માંથી પોતાની કાયદાની ડીગ્રી મેળવેલ છે અને અમેરીકામાં ન્યુ યોર્ક યુનિવર્સિટીમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ લીડરશીપ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતિય છે. તેઓ વિશ્વવિખ્યાત કંપનીઓના સલાહકાર તરીકે કાર્યરત છે.

ઈન્કમટેક્સ અને કોર્પોરેટ ટેક્ષ વિષય પર અનેક ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોના સહલેખન રહેલા જીગરભાઈ પટેલ પ્રથમ વખત જામનગરમાં પોતાનું વકતવ્ય આપવા માટે ચેમ્બરના આમંત્રણને માન આપી પધારવાના છે. આથી ચેમ્બરના તમામ સભ્યઓ તથા રસ ધરાવતા સહું કોઈને આ સેમિનારમાં ભાગ લેવા અનુરોધ છે.